વિવિધ પ્રકારના બાહ્ય અને અભ્યંતર તપોનું નિરંતર યથાશક્તિ વીર્યોલ્લાસપૂર્વક આસેવન કર ! કે જે પ્રારંભમાં શરીર ઇન્દ્રિયોને સંતાપ કરનાર છે પણ અશુભ કર્મની નિર્જરા કરાવીને ભવિષ્યમાં સુંદર હિતકારી નિવડે છે, અને રસાયનો જેમ વિધિપૂર્વક સેવ્યાથી ઉગ્ર વ્યાધિનો પણ મૂળથી નાશ કરે છે તેમ આવી વિશુદ્ધ તપશ્ચર્યા અનેક-જન્મ-સંચિત પાપકર્મોનો ક્ષય કરે છે.

<u>બીજી શિક્ષા</u>-વીર્યોલ્લાસપૂર્વક નિરાશંસભાવે વિવિધ તપના સેવનમાં રત રહેવું.

ઉપજાતિ છંદ

विशुद्धशीलांगसहस्रधारी,
भवानिशं निर्मितयोगसिद्धिः ।
सहोपसर्गांस्तनुनिर्ममः सन्,
भजस्व [illegible] : समि

જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશુદ્ધ આરાધનારૂપ ગોગ સિદ્ધિ મેળવીને અઢાર હજાર શીલાંગના નિર્મલ વિ પૂર્વક આચરણ માટે હંમેશા ઉદ્યત બન! તથા શરીરની મમતાને છાંડી આવી પડતા પરિષહ-ઉપસર્ગો સમભાવે સહન કર! તેમજ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિને ઉપયોગ પૂર્વક પાળવા માટે દત્તચિત્ત-સાવધાન થા!

<u>ત્રીજી શિક્ષા</u>-અઢાર હજાર શીલાંગના પાલનમ ઉદ્યત બનવું.

<u>ચાથી શિક્ષા</u>-પરીષહ ઉપસર્ગો સમભાવે સહવા.

<u>પાંચમી શિક્ષા</u>-પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ નિરતિચાર પાળવી.

ઉપજાતિ છંદ

स्वाध्याययोगेषु दधस्व यत्नं,
मध्यस्थवृत्त्याऽनुसराऽऽगमार्थान् ।
अगारवो भैक्षमटाविषादी,
हेतौ विशुद्धे वशितेन्द्रियौघः ॥ ४ ॥

જ્ઞાનધ્યાન, સ્વાધ્યાય અને સંયમના શુભ વ્યાપારોમ જયણાપૂર્વક પ્રયત્ન કર! શાસ્ત્રોક્ત પદાર્થોની મધ્યસ્થભા પ્રતિપત્તિ કર. લોલુપતા આદિ પરિહરી, શાસ્ત્રોક્ત વિશુદ્ધ કાર ઇન્દ્રિયોના સંયમપૂર્વક ભિક્ષા-ગોચરીમાં પ્રયત્નવાળો થા

<u>છઠ્ઠી શિક્ષા</u>-જ્ઞાન ધ્યાન સ્વાધ્યાયાદિ શુભ વ્યાપા રની જ પ્રવૃત્તિ રાખ!

<u>સાતમી શિક્ષા</u>-સર્વજ્ઞોક્ત પદાર્થોમાં સ્વબુદ્ધિ પ્રાધાન્ય ન આપ!

આઠમી શિક્ષા-રસગારવાદિ છોડી શાસ્ત્રોક્ત વિધિ
મુજબ ગોચરીમાં અપ્રમત્ત બન !

ઉપજાતિ ७૬

ददस्व धर्मार्थितयैव धर्म्यान्,
सदोपदेशान् स्वपरादिसाम्यान् ।
जगद्धितैषी नवभिश्च कल्पै-
र्ग्रामे कुले वा विहराप्रमत्तः ॥ ५ ॥

સ્વ અને પરનો ભેદ છોડી એકાંત હિતબુદ્ધિએજ ધર્મ પામી-પમાડી આત્મકલ્યાણ સાધવા-સધાવવાની જ શુભ વિચારણાપૂર્વક ધાર્મિક બોધને વધારનાર આત્મહિતકર ઉપદેશ આપવાની પ્રવૃત્તિમાં સતત ઉદ્યમી બન ! તથા જગત્ માત્રને સન્માર્ગ પર લાવી તેના હિતને સાધવાના શુભ આશયપૂર્વક પ્રતિબંધ-મમત્વભાવ વિના ગ્રામ કે નગરમાં યથાયોગ્ય નવકલ્પી વિહારની મર્યાદા પૂર્વક વિહાર કર !

નવમી શિક્ષા- હિતકર ધર્મના ઉપદેશની પ્રવૃત્તિ
સ્વકલ્યાણ સાથે પરકલ્યાણ સધાવવવાની
એકાં શુભ-નિષ્ઠાપૂર્વક જ કરવી.

દશમી શિક્ષા-દ્રવ્ય-ક્ષેત્રાદિના મમત્વનો ત્યાગ કરી
સંયમી જીવનની સુવાસ જગતના
તમામ પ્રાણીઓને પહોંચતી કરવા
નવકલ્પી મર્યાદા સાચવી વિહાર કરવો.

ઉપજાતિ છંદ

कृताकृतं स्वस्य तपोजपादि,
शक्तिरशक्तिः सुकृतेतरे च ।
सदा समीक्षस्व हृदाऽथ साध्ये,
यतस्व हेयं त्यज चाव्ययार्थी ॥ ६ ॥

પ્રતિદિન કરાતી ધર્મક્રિયાનો મેળ મેળવવા માટે કેટલું મેં કર્યું છે? કેટલું કરવા જેવું બાકી છે? મારી શક્તિ કેટલી છે? શું કરી શકવા અસમર્થ છું? સારું કેટલું કરું છું? ખોટું કેટલું કર્યું? આદિ આંતર-નિરીક્ષણ હોવું જરૂરી છે, તે કર્યા પછી શક્ય શુભ પ્રવૃત્તિમાં ઉદ્યત થા! હેય પદાર્થોનો યથાશક્ય પરિહાર કર!

અગ્યારમી શિક્ષા-જીવનમાં ધર્મ કેટલો સધાયો છે તેના માપક-યંત્રરૂપ પોતાના કર્ત્તવ્યો-આચરણોનું વિહંગાવલોકન-સિંહાવલોકનરૂપ આંતર નિરીક્ષણ પ્રતિદિન કરવું.

બારમી શિક્ષા-શક્ય શુભ પ્રવૃત્તિઓમાં સતત પ્રવૃત્તિ અને પાપકાર્યોનો શક્ય પરિહાર કરવો.

ઉપજાતિ છંદ

परस्य पीडापरिवर्जनात्ते,
त्रिधा त्रियोग्यप्यमला सदाऽस्तु ।
साम्यैकलीनं गतदुर्विकल्पं,
मनो वचश्चाऽनघप्रवृत्ति ॥ ७ ॥

કોઈપણ પ્રાણીને સૂક્ષ્મ-માનસિક પણ પીડા ન દેવાની કાળજીપૂર્વકની પ્રવૃત્તિ રાખવાથી તારા મ

યોગોને તું નિર્મલ બનાવ! અને સમતારસમાં તરબોળ થઇ તે દુર્વિકલ્પો દૂર હટાવી મન અને વચનની શુભ પ્રવૃત્તિને વધાર!

તેરમી શિક્ષા–સૂક્ષ્મ પણ પ્રાણીને માનસિક પીડા ન થવા દેવાની જયણામય પ્રવૃત્તિથી નિર્મલ યોગવાળા બનવું.

ચૌદમી શિક્ષા–મન વચનને સમભાવમાં લીન બનાવી શુભ પ્રવૃત્તિવાળા બનાવવા.

ઉપજાતિ છંદ

मैत्री प्रमोदं करुणां च सम्यग्,
मध्यस्थतां चानय साम्यमात्मन् ! ।
सद्भावनास्त्रात्मलयं प्रयत्नात्,
कृताविरामं रमयस्व चेतः ॥ ८ ॥

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાઓથી તારા અંતઃકરણને નિર્મલ બનાવ! તથા આત્માની સદ્વિચારણાઓમાં નિરંતર મનને પરોવી મનોલયના અપૂર્વ સુખને અનુભવ.

પંદરમી શિક્ષા–મૈત્રી આદિ ચાર ભાવનાઓ નિરંતર ભાવવી.

સોળમી શિક્ષા–આત્મસ્વરૂપના સતત ચિંતનથી મનની નિર્વિકલ્પ દશાનો અનુભવ કરવો.

ઉપજાતિ છંદ

कुर्यान्न कुत्रापि ममत्वभावं,
न च प्रभो! रत्यरती कषायान् ।
इहापि सौख्यं लभसेऽप्यनीहो,
ह्यनुत्तरामर्त्यसुखाभमात्मन् ! ॥ ९ ॥

ગત્તરમી શિક્ષા-હે મારા પ્રભુ! જગતના કોઈપ પદાર્થના કારણે જીવનને મમત્વ, શ ક્રોધ કષાયોના કલંકોથી મલિન ન બના

ઉપર મુજબની શિક્ષાઓના આધારે જીવનનું ઘડ કરનારો પ્રાણી સદેહે અનુત્તર વિમાનવાસી દેવતાઓ ...ણનો સાક્ષાત અનુભવ કરે છે.


इति यतिवरशिक्षां योऽवधार्य व्रतस्थ-
चरणकरणयोगानेकचित्तः श्रयेत ।
सपदि भवमहाब्धिं क्लेशराशिं स तीर्त्वा,
विलसति शिवसाख्यानंत्यसायुज्यमाप्य ॥१०॥

ઉપર મુજબની સાધુતાના અપૂર્વ આદર્શને પમ ...ારી હિતશિક્ષાને યથાવત્ સાંભળી, સમજી, વિચ ...થાશક્તિ ચરણ-કરણના અનુષ્ઠાનોને એકાગ્રપણે આ ...ાર પ્રાણી અનંત દુઃખોના રાશિ સમાન સંસાર મહાસમુદ્રનો પાર પામી અનંત સુખના સ્થાનરૂપ મો લક્ષ્મીને શીઘ્ર મેળવે છે.

તપ ધર્મની સફલતા ક્યારે ?

તપ કરતાં વધુ સ્વાધ્યાય, તેથી વધુ જાપ, તે વધુ આત્મ નિરીક્ષણ અને ધ્યાન પ્રવૃત્તિ કરવા કર્મનિર્જરાનો લાભ સહેલાઈથી મળે છે.

卐



જીવનમાં જ્ઞાનીઓની આજ્ઞા પ્રમાણે આરાધનાના
હત્વની સુવ્યવસ્થિત ગોઠવણી માટે જરૂરી ભૂમિકાનું
ડતર નીચે જણાવતા અનુભવસત્ય નક્કર જીવનસિદ્ધાંતોન
ાક્રિય પાલનથી થાય છે. મનન પૂર્વક વાંચી અમ
માટે દરેક વિવેકીએ
કરવો જરૂરી છે.

૧. પ્રતિદિન પોતાની જરૂરીયાતોને ઓછી કર

૨. જે સમયે જેવી પરિસ્થિતિમાં હોઇએ કે આવી
પડીએ તે સમયે સ્વયં પ્રચંડ મહાવાતના ઝકોરાથી નમી
જતા તૃણની જેમ સમજ વિવેક-પૂર્વક તે પરિસ્થિતિને
અનુકુળ બની વર્તવું પણ પરિસ્થિતિને અનુકુળ બનાવ-
વાની નાહક ગડમથલ ન કરવી.

૩. કોઇ પણ વસ્તુ પર મોહ-રાગદૃષ્ટિ ન કેળવવી.

તો પણ **શોખને ખાતર તો ઉપભોગની પ્રવૃત્તિ ન જ કરવી.** આનો દૃઢ નિશ્ચય જરૂર રાખવો.

ઉપર મુજબની હિતશિક્ષા ધ્યાનમાં રાખી પ્રત્યે મુમુક્ષુ પ્રાણીએ બનતા પ્રયત્ને ઇન્દ્રિયોની દૃઢમૂળ બને વાસનાને જડમૂળથી ઉખેડી નાંખનારા તપના આસેવન વધુ પ્રયત્ન કરવાની જરૂર છે.

તપનું આસેવન ન થવામાં શરીર-મૂર્છા, સુખ શીલતા, આળસ, પ્રમાદ અને વીર્યની ફોરવણીનો અભાવ મુખ્યતઃ કારણરૂપ હોય છે, પણ વિવેકી આત્માએ નીચેનું સુવર્ણ વાક્ય હૃદયપટમાં કોતરી રાખવું ઘટે, જેથી શક્ય પ્રયત્ને મળી શકતા તપના અપૂર્વ લાભો મેળવવામાં આપણે કમનસીબ ન નિવડીએ.

તપમાં વીર્ય છુપાવવાથીવીર્યાંતરાય—
સુખશીલતાથી અસાતાવેદનીય—
આલસ—પ્રમાદથી ચારિત્રમોહનીય—
દેહમૂર્છાથી પરિગ્રહનું પાપ—
અને શક્તિ—સામગ્રી છતાં તપ ન કરવાથી માયા—પ્રયોગાદિ—
—અનેક દોષો અને કર્મોનું બંધન થાય છે.

તપધર્મના યથાશક્ય આદરપૂર્વક આસેવનથી પૂર્વોક્ત સર્વ અનર્થો દૂર થઈ ઉત્તમોત્તમ કર્મનિર્જરાદિ લાભો થાય છે.

આવા વિવેકપૂર્વક આસેવેલા તપોધર્મની આરાધનાથી—
—ચિંતાઓ ઘટે છે.
—વિકલ્પો શમે છે,

—દેહાધ્યાસ મટે છે,
—વિકારો ઘટે છે,
—વાસનાઓ નાશ પામે છે,
—સંજ્ઞાઓ પર કાબૂ મેળવાય છે,
—કષાયો કૃશ થાય છે.
—ભાવનાઓ નિર્મલ થાય છે,
—પરિણતિ શુદ્ધ થાય છે.
—વિચારો ઉપર કાબૂ આવે છે.
—અનાદિકાલના સંસ્કારોથી સુદૃઢમૂળ બનેલી વાસનાઓના પણ પાયા હચમચી ઊઠે છે.

પરિણામે કર્મ-નિર્જરાના ઉત્તમ ફલ મેળવી પરમ નિધાન-મોક્ષ હથેલીમાં આવી રહે છે.



સોનેરી શિખામણ

• આવી પડતા દુઃખ પરિષહ કે પ્રતિકૂલ સંયોગોને હસતે મુખે સ્વેચ્છાથી સહન કરવાની તત્પરતામ જ સંયમનું સાચું રહસ્ય છે.

• જો સાધુને અનુકૂલતા ગમી તો સાધુતાનો પા હચમચવા લાગ્યો છે, એમ જાણવું.

• આપત્તિ અને અગવડને સહવાની ભાવના ન તેનું સંયમ ટકે નહિં, ટકે તો દીપે નહિં

[illegible]
ઉપયોગી [illegible].

[illegible] દોષોમાંથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પડે.

1. આચારની [illegible]
2. ચિત્તની ચંચળતા
3. આલસ્ય-સુસ્તી
4. પ્રમાદ
5. પુરુષાર્થહીનતા
6. અશ્રદ્ધા
7. કુતર્ક
8. ઉતાવળિયાપણું
9. વહેમીપણું
10. અસંયમ
11. અસહિષ્ણુતા
12. અસદ્વર્ત્તન પ્રતિ ઘૃણાનો અભાવ
13. પ્રખ્યાતિની ઇચ્છા
14. માન-સત્કારેચ્છા
15. જુગુપ્સા-દુર્ગંચ્છા
16. દ્વેષ
17. નિર્દયતા
18. કદાગ્રહ
19. [illegible]
20. પરનિંદા
21. ગપસપો
22. બાહ્યાડંબર
23. વાદ-વિવાદ
24. બીજાને ઉતારી પાડવાની ઇચ્છા
25. શરીર સુકુમાલતા
26. વિલાસિતા
27. બીજા પાસે કામ કરાવવું
28. લોકરંજન
29. ખરાબ સોબત
30. અનુપયોગી પ્રવૃત્તિ

૩૧. આત્મકલ્યાણની સાધનાથી વિરૂદ્ધ સાહિત્યનું વાંચન
૩૨. ગુરુજન તિરસ્કાર
૩૩. મહાપુરુષો પર અવિશ્વાસ
૩૪. ધાંધલિયાવૃત્તિ
૩૫. લોભ-સંચયવૃત્તિ
૩૬. દ્રોહ-અપકાર વૃત્તિ
૩૭. ચીડિયાપણું
૩૮. ઉત્કટ કષાય
૩૯. ધર્મી તરીકે અભિમાન
૪૦. બ્રહ્મચર્યખંડન
૪૧. પ્રતિકૂલ સંગોગોમાં દીનભાવ
૪૨. અનુકૂલ સંગોગોમાં છકી જવું
૪૩. સ્થાન કે વસ્તુવિશેષ પર મહત્વ
૪૪. નામ અમર કરવાની ઘેલછા

આ દોષો નાના સ્વરૂપમાંથી અણધારી રીતે વિરાટ સ્વરૂપ પકડી સમર્થ જ્ઞાની આરાધકને પણ આત્મકલ્યાણની સાધનાના માર્ગથી બલાત્કારે ભ્રષ્ટ કરે છે; માટે જીવન-શુદ્ધિ કરી સંયમનું પ્રોજ્જવલ ફલ મેળવવા માટે ઉપરોક્ત દોષોને સમૂલ દૂર કરવા પ્રયત્નશીલ બનવું.

卐

- સાધુપણું એટલે—

  શરીરના સુખને ભૂલી જવું.

- સંયમનું ઉપકરણ મોહોત્પાદક ન જ હોવું જોઇએ, નહીં તો સંયમના બદલે મોહનું ઉપકરણ થવા સંભવ છે.

* યોગોદ્વહન એ આત્માને સાચો યોગી બનાવવાનો રાજમાર્ગ હતો તે આજે વિકૃત થતો જાય છે તે સંબંધી ગીતાર્થની નિશ્રાએ ઘટતું કરવું જોઇએ.

* પોતાનો કોઈપણ તપ ગૃહસ્થથી અજ્ઞાત રહે એની ખૂબ સાવચેતી રાખવી અને પારણાનો દિવસ પરિચિત ગૃહસ્થો જાણે તો લુંટાઇ જવાય એમ માનવું.

* પારણામાં પણ ભાવથી તપ ચાલુ રહે એની કાળજી રાખવી. લાલસા વધતી જતી હોય તો પહેલાં મનોબળને અનુકૂળ અસ્વાદ તપનો અનુભવ થાય તેવો હલવો તપ પસંદ કરવો.

*** દેહની મમતા, વિગઇની આસક્તિ, જીભની લોલુપતા અને કષાય જેટલે અંશે કાબુમાં આવે તેટલી જીત સમજવી.**

૭. આવશ્યક.

—દશ વૈકાલિક

—ઉત્તરાધ્યયન

—આચારાંગ

—ઓઘ-નિર્યુક્તિ

પિંડ અને અનુયોગદ્વાર આ સાત ગ્રન્થો યોગોદ્વહન દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરી ગુરૂ મ૦ પાસેથી વાંચી લેવા કે સાંભળી લેવા

૮. **કર્મ સાહિત્યનો** ઝીણવટથી અભ્યાસ કરવાથી આત્મની જાગૃતિમાં ઘણી રાહત મળશે. અધ્યવસાયો નિર્મળ બનશે.

લાયકની વસ્તુને લાવવા લઇ જવાની ચેષ્ટા દેખી શકાતી હોય તે રીતે વહોરવી અથવા જોઈ તપાસીને ગ્રહણ કરવી.

બીજા મહાવ્રતની પાંચ ભાવના

हास्यलोभभयक्रोधप्रत्याख्यानैर्निरंतरम् ।
आलोच्य भाषणेनापि, भावयेत्सूनृतव्रतम् ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લો૦ ૨૭)

૧-૨-૩-૪. હાસ્ય-લોભ-ભય-ક્રોધનો ત્યાગ.—હાસ્ય, લોભ, ભય તથા ક્રોધથી સર્વદા દૂર રહેવું, તે પેદા જ ન થાય તેવા સંજોગોમાં રહેવું. કારણ કે આ ચાર કારણોથી જ પ્રાયઃ મૃષાવાદનો પ્રસંગ સાંપડે છે.

૫. વિચારીને બોલવું—જરૂર પડે ત્યારે ભાવી પરિણામનો સત્યાસત્યપણું સમતોલપણું જાળવી સંપૂર્ણ વિચાર કર્યા પછી જ બોલવું.

ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના

आलोच्यावग्रहयाञ्चाभीक्ष्णावग्रहयाचनम् ।
एतावन्मात्रमेवैतदित्यवग्रहधारणम् ॥
समानधार्मिकेभ्यश्च तथावग्रहयाचनम् ।
अनुज्ञापितपानान्नाशनमस्तेयभावनाः ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લો૦ ૨૮-૨૯)

૧. વિચારીને અવગ્રહનું યાચન—પોતાને જ્યારે જરૂર પડે ત્યારે સંપૂર્ણ વિચાર કરીને જે કોઈ

ચોથા મહાવ્રતની પાંચ ભાવના

स्त्रीपण्ढपशुमद्वेश्मासनकुड्यान्तरोज्झनात् ।
सरागस्त्रीकथात्यागात् प्राग्रतस्मृतिवर्जनात् ॥
स्त्रीरम्यांगेक्षणस्वांगसंस्कारपरिवर्जनात् ।
प्रणीतात्यशनत्यागाद् ब्रह्मचर्यं तु भावयेत् ॥

(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લો. ૩૦-૩૧)

શુદ્ધ વસતિ આદિની જયણા- સ્ત્રી, નપુંસક, પશુવાળા સ્થાને રહેવું, બેસવું કે ભીંત આંતરેથી તેવાઓનો અનુભવાતો સહવાસ-આ બધાનો ત્યાગ કરવો.

રાગમય કથાનો ત્યાગ–કામવિકારને વધારનારી સ્ત્રી સંબંધી વિષયવાસનાને ઉત્તેજક કથા-વાત સરખ પણ ન કરવી.

(૨) આઠ પ્રવચનમાતા–(પાંચસમિતિ ત્રણ ગુપ્તિ.)

ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गसंज्ञिकाः ।
पञ्चाहुः समितीस्तिस्रो गुप्तीस्त्रियोगनिग्रहान् ।
एताश्चारित्रगात्रस्य जननात्परिपालनात् ।
संशोधनाच्च साधूनां मातरोऽष्टौ प्रकीर्तिताः ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧. શ્લો. ૩૫/૪૫

આશયશુદ્ધિ અને જયણાપૂર્વક પ્રવૃત્તિ કર૦ રૂપ પાંચ સમિતિ અને અશુભ યોગોના નિગ્ર સ્વરૂપ ત્રણ ગુપ્તિ–ચારિત્રરૂપ બાલકને ઉત્પન્ન કર૦ પાળીપોષી વૃદ્ધિ પમાડનાર, આવી પડતા દોષોનું નિરા- કરણ કરનાર છે, માટે શાસ્ત્રકારો આ આઠને પ્રવચન- માતાના સુમધુર વિશેષણથી સંબોધે છે, આનું યથા- સ્થિત ઉપયોગપૂર્વક પાલન કરનારો સમ્યક્પણે આખા પ્રભુશાસનની સારમય આરાધના કરી જાણે છે.

પાંચ સમિતિ

સમિતિ=સમ્–સમ્યક્પ્રકારે આત્માના કલ્યાણની સાધનાના માર્ગે ઇતિ–ચેષ્ટા–પ્રવૃત્તિ કરવી.

ઇર્યાસમિતિ—ત્રસ કે સ્થાવર, સૂક્ષ્મ કે બાદર પ્રાણી માત્રને અભયદાન આપી જીવનવિશુદ્ધિના ઉજ્જવળ પંથે વિહરનાર સાધુસાધ્વીઓ ચાલતી વખ૦ ... હાથ)–પ્રમાણ ભૂમિનું ...

ઉપર મુજબ આદર્શ સાધુતાના મૂલસ્તંભરૂપ
પ્રધાનગુણોને લક્ષ્યમાં રાખી જીવનમાં યથાશક્ય પ્રયત્ન
તેઓને ઉતારવા પ્રયત્નશીલ થવા માટે નીચેનું લખાણ
ધ્યાનપૂર્વક વાંચવાની જરૂર છે.

સદ્ધર્મ યાને દશ યતિ-ધર્મ

૧. **ક્ષમા:**-હું ક્ષમાશ્રમણ છું તો મારે ક્રોધ ન કર
ક્ષમા રાખવી જોઇએ
જિનવચનની ભાવનાથી ક્રોધને ઉઠવા જ દેવો ન
અથવા જાગેલા ક્રોધને નિષ્ફળ કરવો તેને ક્ષ
કહેવાય છે.

૨. **નમ્રતા:**-પૂર્વપુરૂષસિંહોના ગુણો, શક્તિ, સાધન
વિચાર કરી પોતે ગમે તેવો જ્ઞાની કે તપસ્વી
તો પણ અભિમાન ન કરતાં નમ્રતા રાખવી જોઇ

૩. **સરળતા:**-હું સાધુછું તો મારે શિયાળની જેમ મ
કપટ ન કરાય. જેવું હૈયામાં હોય તેવો દે
રાખવો જોઇએ. આત્મશુદ્ધિ સરળ આત્મા
થાય છે. સરળતા છે ત્યાં જ આત્મસાધના

૪. **સંતોષ:**-આગમનીતિ મુજબ શુદ્ધ ગવેષણા (
કરતાં કરતાં જે કોઈ સુરૂપ, કુરૂપ, સારી-
વસ્તુની પ્રાપ્તિ થાય તેમાં જ સંતોષ રાખી સ
નિર્વાહ કરવો જોઇએ. અયોગ્ય તૃષ્ણાનો ત્યા
સંતોષ.

૫. **તપ:**-સાધુ તો તપસ્વી કહેવાય તેથી
અસ્થિરતા અને સકામ નિર્જરાનો મહા

જાણી ગુરુઆજ્ઞા મુજબ શક્તિ ગોપવ્યા વિના બાહ્ય–અભ્યંતર તપ કરવો તે.

સંયમઃ-સાધુ પોતાની ઇન્દ્રિઓને ગૃહસ્થોની જેમ ગમે ત્યાં છૂટી ન મૂકે પણ કાબુમાં રાખે. ઈન્દ્રિયોનો અસંયમ ચારિત્રને નિઃસાર બનાવી દે છે; માટે ચારિત્રને નિર્મળ રાખવા ઇન્દ્રિયોનો સંયમ ખાસ જરૂરી છે.

૭. સત્યઃ-સત્યવ્રતધારી સાધુ બન્યા પછી હવે સાધુથી જૂઠ મનમાં પણ ન આવવું જોઇએ તો બોલવાની તો વાત જ શી? સત્ય બોલનારની વાણી કદી નિષ્ફળ જતી નથી. અરે! એકવાર પણ જુઠું બોલવાથી આજ સુધીનું બધું તપ–સંયમ બળી જાય છે અને આત્મા દુર્ગતિમાં જાય છે. વસુરાજાની જેમ.

૮. શૌચઃ-મનને સારા વિચારોથી પવિત્ર રાખવું તે. અશુભ વિચારોને રોકવા માટે સતૂશાસ્ત્રોના અભ્યાસમાં ખૂબ ચિત્ત લગાડવું જોઇએ. સાથે સત્સંગ પણ મનની પવિત્રતા માટે ખૂબ જરૂરી છે.

૯. આકિંચન્યઃ-(અપરિગ્રહ) સંયમના પોષક ઉપકરણો સિવાય અધિક મમતાથી એકપણ ચીજ સંઘરવી તે સાધુ માટે પાપ છે. જરૂરી રાખેલા ઉપકરણો ઉપર મૂર્ચ્છા કરવી તે પણ પાપ છે. સંયમબળ ઉપર જીવતા નિઃસ્પૃહી સાધુઓ 'ભવિષ્યમાં અમુક વસ્તુ નહિ મળે' એવો કાયર-નિઃસત્વ વિચાર કરતા નથી.

યતિધર્મની સિદ્ધિ મળે જ છે.

સાધુતાને દીપાવનાર

— સદ્ગુણો —

* ટૂંકું મુદ્દાસરનું જરૂર પડે ત્યારે જ પોતાના અધિકાર પ્રમાણે બોલવું.

* શક્ય પ્રયત્ને ગવેષણાપૂર્વક શુદ્ધ-નિર્દોષ આહાર સંયમ આત્માના શુદ્ધ ધ્યેયથી વાપરવો.

* ઔષધની જેમ પ્રમાણસર જરૂર પડે ત્યારે જ વિગઈઓ વાપરવી.

* મિષ્ટ પદાર્થો, રસ લાલસાને પોષક પદાર્થો અને અતિ-આહારથી સદા દૂર રહેવું.

* કષાય કે વિષયના આવેશમાં ભાનભૂલા બનવાના પ્રસંગે હિતશિક્ષા કે અનુવર્ત્તતા દ્વારા યોગ્ય નિયંત્રણ કરનાર કલ્યાણમિત્ર કે સદ્ગુરુના માર્ગદર્શનને વફાદાર રહેવું.

(૭) ચરણસિત્તરી

वय-समणधम्म-संजम-वेयावच्चं च बंभगुत्तीओ ।
नाणाइतियं तव-कोहनिग्गहाई चरणमेयं ॥

(શ્રી ઓઘનિર્યુક્તિ ભાષ્ય ગા. ૨)

૧ થી ૫. પાંચ મહાવ્રતો
૬ થી ૧૫. દશ પ્રકારનો શ્રમણ ધર્મ
૧૬ થી ૩૨. સત્તર પ્રકારનો સંયમ
૩૩ થી ૪૨. દશ પ્રકારનું વૈયાવૃત્ય

૧ આચાર્ય વૈયાવૃત્ય
૨ ઉપાધ્યાય ,,
૩ તપસ્વી ,,
૪ શૈક્ષક (નવદીક્ષિત) ,,
૫ ગ્લાન ,,
૬ ગણ (એક વાચનાવાળો યતિસમુદાય) વૈયાવૃત્ય
૭ કુલ (એક આચાર્યની [પરંપરા)
૮ સંઘ
૯ સાધુ ,,
૧૦ સમનોજ્ઞ ,,
(સમાન સામાચારીવાળા)

૪૩ થી ૫૧. નવ બ્રહ્મચર્યની ગુપ્તિ

૧ સ્ત્રી પશુ, કે નપુંસકવાળી વસતિમાં ન રહેવું
૨ સ્ત્રી પશુ, નપુંસક સંબંધી કામકથા ન કરવી.
૩ સ્ત્રીના આસને બે ઘડી સુધી બેસવું નહિ.
૪ સ્ત્રીના સુરમ્ય અંગોપાંગો ધારીને રાગદષ્ટિથી જોવા નહિ.
૫ વિષયકથા ભીંતઆંતરેથી સાંભળવી નહિ.
૬ ગૃહસ્થદશામાં કરેલ કામક્રીડાને સંભારવી નહિ.
૭ પૌષ્ટિક, ઉત્તેજક, કામવાસનાવર્ધક સ્નિગ્ધ આહાર વાપરવો નહિ

—तिण्हमेव सम्मदंसणाणचरित्ताणं—
भिक्खू कंतारदुब्भिक्खायंकाईसु णं सुमहास-
णेसु अंतोमुहुत्तावसेस—कंठगयपाणेसुंपि णं मणसावि उ
णं विराहणं ण करेज्जा, ण कारवेज्जा, ण समणुजाणेज्जा,
णं णारमेज्जा, ण समारंभेज्जा जावज्जीवाएत्ति.”

(શ્રી મહાનિશીથસૂત્ર અધ્ય. ૭ સૂ. ૨૨)

ભાવાર્થ—હે ગૌતમ! જયણા એટલે—

અઢારહજાર શીલાંગ, સત્તર પ્રકારનો સંયમ, ચૌદ સ્થાનો, તેર ક્રિયાસ્થાનો, બાર પ્રકારનો બાહ્યઅભ્યંતર, બાર પ્રકારની ભિક્ષુપ્રતિમા, દશ પ્રકારનો શ્રમણ ધર્મ, બ્રહ્મચર્ય-ગુપ્તિ, આઠ પ્રવચનમાતા, સાત પિંડૈષણા, જીવનિકાય, પાંચ મહાવ્રત અને ત્રણ ગુપ્તિ યાવત્-

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-રિત્રની તમામ આસેવના

ભયંકર વિષમ અટવી, હડહડતો દુકાળ કે સાધ્ય પ્રાણાંત કષ્ટદાયી બિમારીના ભયાવહ પ્રસંગે ી-બેઘડીમાં પ્રાણ ચાલ્યા જવાની કપરી કસોટી ણે પણ મનથી ખંડન-વિરાધના થવા દીધા વિના ાત્રવિશુદ્ધિપણે નભાવવી તેમજ કરણ, કરાવણ અનુમોદનાનો સૂક્ષ્મ પણ ભાંગો લગાડયા વિના ાણુનાભોગે પણ આરાધક ભાવની દૃઢતા કેળવવી.”

શ્રી મહાનિશીથજેવા પરમાગમમાં વર્ણવ્યા મુજબનો યણાનો આ વિસ્તૃત અર્થ દરેક મુમુક્ષુ આત્માએ ધ્યાનમાં ઈ સામાન્યતઃ દ્રવ્ય પ્રાણીની હિંસા નિમિત્ત થનારા

કર્મબંધને અટકાવવા પ્રયત્નો કરવાના જયણાના ઉપ
વંત-સાવચેત રહેવાના માર્ગને મર્યાદિત સમજી
આરાધનાની યથાર્થતા પ્રાપ્ત કરાવનાર ભાવ-પ્રા
હિંસા ન થાય તે માટે પૂરતી જાગૃતિ રાખવી જોઈ

૧૮૦૦૦ શીલાંગ રથ.

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માઓએ સંયમના સર્વાંગશુદ્ધ આરાધના કરવા માટે ઉપયુક્ત રહેવા નાના પ્રકારે રૂપક દૃષ્ટાંતો દ્વારા પણ સૈદ્ધાન્તિક ગહન વિષયે સમજાવ્યા છે, તેથી સર્વસાવદ્યના ત્યાગપૂર્વક વિરતિભાવ પ્રાપ્તિ થયા પછી તેના ટકાવ માટે શીલ-ચારિત્ર અઢાર હજાર ભેદોને **શીલાંગરથ**ની ઉપમા આપી શાસ્ત્ર કારોએ સંયમની આરાધનાના માર્ગે ચાલનાર મુમુક્ષુ સંયમના વિશુદ્ધ અધ્યવસાયોની પ્રાપ્તિ સુગમ કરી

जोए–करणे सण्णा, इंदिय भोमाइ समणधम्मे य ।
सीलंगसहस्साणं अट्ठारसगस्स णिप्फत्ती ॥

(શ્રી ધર્મરત્ન પ્રકરણ)

દશ પ્રકારના શ્રમણધર્મમાં સ્થિત રહી, ચાર સંજ્ઞાઓનો ત્યાગ કરી અને પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરી ...ીકાય આદિ દશની વિરાધનાનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ ...ા તેનું નામ ખરી વિરતિ છે. આ અઢારહજાર ભેદોની જુતી આ પ્રમાણે:—

આમાં ગર્જનામાં ૨ પ્રહરનો અસ્વાધ્યાય બાકીમાં ૧ પ્રહર અસ્વાધ્યાય.

રોજ સવારે (સૂર્યોદય પહેલાં અને પછી ૨૪-૨૪ મિનિટ

બપોરે (મધ્યાહ્ન „ અને „ ૨૪-૨૪ „

સાંજે (સૂર્યાસ્ત „ અને „ ૨૪-૨૪ „

મધ્યરાત્રિએ (૨૪ મિનિટ પહેલાં અને ૨૪ મિનિટ પછી સ્વાધ્યાય ન કરાય.

પડિલેહણ આદિ આવશ્યક ક્રિયાઓ થઈ શકે.

ચંદ્રગ્રહણ થાય તો ઉત્કૃષ્ટથી ૧૨ પ્રહર અને જઘન્યથી ૮ પ્રહર અસજઝાય થાય.

તે આ પ્રમાણે-ઉગતો ચંદ્ર, રાહુ વડે ગ્રસ્ત થાય તો તો ૪ પ્રહર રાત્રિના અને બીજા દિવસના ૪ પ્રહર મળી ૮ પ્રહર અસજઝાય.

તથા ગ્રહણસહિત ચંદ્ર જો આથમે તો તે પછીનો દિવસ અને રાતના (૪+૪=)૮ પ્રહર અને બીજા દિવસના ૪ પ્રહર મળી ૧૨ અસજઝાય.

સૂર્ય ગ્રહણ થાય તો જઘન્યથી ૧૨ પ્રહર ઉત્કૃષ્ટથી ૧૬ પ્રહર અસજઝાય.

તે આ પ્રમાણે-સૂર્ય ગ્રહણ સાથે આથમે તો ૪ પ્રહર રાત્રિના તથા આગામી દિવસના ૪ પ્રહર અને બીજી રાત્રિના ૪ પ્રહર મળી ૧૨ પ્રહર જઘન્ય અસજઝાય.

ઉગતો સૂર્ય રાહુ વડે ગ્રસ્ત થાય અને ગ્રહણ સહિત આથમે તો તે દિવસ-રાત અને બીજો દિવસ અને રાત મળી ૧૬ પ્રહર ઉત્કૃષ્ટ અસજઝાય.



આત્મામાં છ કારક

(સાધક)

આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પોતાના ગુણોનો કર્તા છે. તે ગુણોને પ્રકટ કરી શકે છે તેથી. (કર્તા કારક)

કર્મ અથવા ફળ પણ આત્માને લાગુ પાડી શકાય. આત્મરમણતારૂપ ફળ પેદા કરી શકે છે માટે (કર્મ કારક)

કરણ-સાધન. જેમ સુથાર સાધનો વડે લાકડાનું ધારેલું કાર્ય નીપજાવે છે, તેમ આત્મા પણ શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સાધન વડે ઇચ્છિત ફળ પ્રાપ્ત કરી શકે છે. તે સાધન પણ આત્માથી ભિન્ન નથી. (કરણ કારક)

સંપ્રદાન-પોતાના પ્રતિ આકર્ષનું પોતાને ફળ મળે તેમ વર્તવું. જ્યારે આત્મદર્શનરૂપ ફળને વાસ્તે ક્રિયા થાય છે, ત્યારે આત્મા સ્વભાવમાં રમે છે. (સંપ્રદાન કારક)

અપાદાન-દૂર કરવું. જે પરભાવ છે તે આત્માનો પોતાનો નથી તેવી રીતે સર્વ વસ્તુ અને ભાવો પરથી મમત્વભાવ છોડવો તે. (અપાદાન કારક)

૬ અધિકરણ–નિવાસસ્થાન. આત્મા સર્વશુદ્ધ ગુ નિવાસસ્થાન છે. તેમાં જ્ઞાનાદિ અનેક ગુણો રહે માટે તે (અધિકરણ કારક) સંક્ષેપમાં—

આત્મા આત્માને આત્માએ કરીને આત્મ માટે આત્માથી આત્માના વિષે જાણે છે.

આત્મામાં છ કારક (બાધક)

૧ પર–વિભાવ–રાગાદિ જ્ઞાનવરણીયાદિ દ્રવ્ય કર્મનો કર્ત

૨ રાગદ્વેષની પરિણુતિ રૂપ ભાવે કરી જ્ઞાનાવરણીયા દ્રવ્યપુદ્ગલને ગ્રહણ કરવારૂપ કાર્ય કરે તે કર્મ

૩ અશુદ્ધભાવ પરિણુતિ રૂપ ભાવાશ્રવ તે ઉપાદાન અ હિંસાદિ અઢાર પાપસ્થાનકનાં સેવનરૂપ દ્રવ્યાશ્રવ નિમિત્તથી કર્મ બંધાય માટે એ કરણ

૪ અશુદ્ધ ક્ષયોપશમનો અને દ્રવ્યકર્મનો લાભ **સંપ્રદાન.**

૫ સ્વરૂપરોધ, શુદ્ધ ક્ષયોપશમની હાની અને પરભાવા યાયિતા તે **અપાદાન.**

૬ અંનત અશુદ્ધ વિભાવતા તથા જ્ઞાનાવરણીયા કર્મને રાખવા રૂપ જે શક્તિ એટલે તેને વિષ ચેતનાની વિશ્રામ સ્થિતિ તે **આધાર.**

એ રીતે એ છએ કારકનું ચક્ર અનાદિનું અશુદ્ધ પણે બાધકતા રૂપે આત્માને પરિણમી રહ્યું છે. તે વખતે સાધક આત્મા પોતાનો સ્વધર્મ નીપજાવવારૂ પરિણમાવે તે પ્રસંગે તે છએ કારક સાધક પણે પ્રવર્ત થકાં સ્વગુણરૂપ આત્મધર્મની સાધના કરે છે.

૬ શરીરને જેટલું ઈચ્છાપૂર્વક કષ્ટ આપીએ તેટલી વધુ પાપોની નિર્જરા થાય છે.

૭ પાંચ મહાવ્રતોનું પાલન પોતાના વ્હાલા પ્રાણોની જેમ કરવું જોઈએ.

૮ કોઈપણ સાધુના દોષો આપણાથી જોવાય નહિં, બીજાના દોષો જોવાથી પોતાનો આત્મા દોષવાળો બને છે, કાળું જોવાથી મન કાળું બને છે, ઉજળું જોવાથી ઉજળું બને છે.

૯ બીજાના ગુણો જ આપણે જોવા જોઈએ.

૧૦ કોઇની પણ અદેખાઈ-ઇર્ષ્યા સાધુથી ન કરાય.

૧૧ બીજાની ચઢતી જોઈને રાજી થવું જોઇએ.

૧૨ " દરેકનું ભલું થાઓ " આવી ભાવના નિરંતર રાખવી જોઈએ.

૧૩ પોતાના ઉપકારી ગુરૂ મહારાજના દોષો કે ભૂલો તરફ કદી પણ નજર ન જવા દેવી.

૧૪ શરીરની જ સંભાળ કરનાર સંસારી કહેવાય. આત્માની જ સંભાળ માટે સાવધ રહે તેનું નામ **સાધુ.**

૧૫ શું ખાઇશ ? ક્યારે ખાઇશ ? શું મળશે ? અમુક ચીજ નહિં મળે તો ? આદિ આદિ ક્ષુદ્ર વિચારણાઓ કરવી ઉચિત નથી.

૧૬ ગમે તેવો કડવો બોલ (શબ્દ) સહન કરે તે **સાધુ.**

૧૭ 'હું' અને 'મ્હારૂં' ભાગે તે સાધુ.

૧૮ “સારી વસ્તુઓ બીજાઓને ભલે મલો ! મ્હારે ગમે તેવી વસ્તુથી ચાલશે” આવી ભાવના વારંવાર કેળવવી.

૧૯ હસવું તે સાધુ માટે પાપ છે.

૨૦ કોઈની પણ મશ્કરી સાધુથી કરાય જ નહિં.

૨૧ ગમે તેવી પણ કોઈની ખરાબ વાત સાંભળવી નહિં, કદાચ સંભળાઈ જાય તો પેટમાં જ રાખવી.

૨૨ કોઈની પણ નિંદા કરવી નહિં, તેમજ સાંભળવ પણ નહિ.

૨૩ સ્વભાવ શાંત રાખવો.

૨૪ “**સંસાર દુઃખની ખાણ છે, અને સંયમ સુખની ખાણ છે**” આ વાત બરાબર યાદ રાખવી.

૨૫ કોઈ પણ વાતનો કદાગ્રહ ન રાખવો.

૨૬ હંમેશાં સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરવો.

૨૭ કોઈ પણ વાતમાં ‘જ’કારનો પ્રયોગ ન કરવો

૨૮ ગુરૂ મહારાજ વાતમાં હોય કે કામમાં હો ત્યારે કંઈ પૂછવું નહિં.

૨૯ ગુરૂ મહારાજની અનુકૂળતાઓ સાચવવી : સંયમ શુદ્ધિ માટે જરૂરી ગુરૂ વિનયની પ્રાથમિક ભૂમિક

૩૦ આપણા હિતની વાત કડવી હોય તો પણ સુખે સાંભળવી.

૩૧ ઓછી ચીજોથી ચલાવતાં શીખવું જોઇએ. જરૂરીયાતો ઘટાડવી એ સાધુતાની સફલતા છે.

૬ શરીરને જેટલું ઈન્દ્રિયાદિક કષ્ટ આપીએ તેટલી વધુ પાપોની નિર્જરા થાય છે.

૭ પાંચ મહાવ્રતોનું પાલન પોતાના વ્હાલા પ્રાણોની જેમ કરવું જોઈએ.

૮ કોઈપણ સાધુના દોષો આપણાથી જોવાય નહિં, બીજાના દોષો જોવાથી પોતાનો આત્મા દોષવાળો બને છે, કાળું જોવાથી મન કાળું બને છે, ઉજળું જોવાથી ઉજળું બને છે.

૯ બીજાના ગુણો જ આપણે જોવા જોઈએ.

૧૦ કોઈની પણ અદેખાઈ-ઈર્ષ્યા સાધુથી ન કરાય.

૧૧ બીજાની ચઢતી જોઈને રાજી થવું જોઈએ.

૧૨ "દરેકનું ભલું થાઓ" આવી ભાવના નિરંતર રાખવી જોઈએ.

૧૩ પોતાના ઉપકારી ગુરૂ મહારાજના દોષો કે ભૂલો તરફ કદી પણ નજર ન જવા દેવી.

૧૪ શરીરની જ સંભાળ કરનાર સંસારી કહેવાય. આત્માની જ સંભાળ માટે સાવધ રહે તેનું નામ સાધુ.

૧૫ શું ખાઈશ ? ક્યારે ખાઈશ ? શું મળશે ? અમુક ચીજ નહિં મળે તો ? આદિ આદિ ક્ષુદ્ર વિચારણાઓ કરવી ઉચિત નથી.

૧૬ ગમે તેવો કડવો બોલ (શબ્દ) સહન કરે તે સાધુ.

૧૭ 'હું' અને 'મ્હારૂં' ભૂલે તે સાધુ.

૧૮ "સારી વસ્તુઓ બીજાઓને ભલે મલો ! મ્હારે ગમે તેવી વસ્તુથી ચાલશે" આવી ભાવના વારંવાર કેળવવી.

૧૯ હસવું તે સાધુ માટે પાપ છે.

૨૦ કોઈની પણ મશ્કરી સાધુથી કરાય જ નહિં.

૨૧ ગમે તેવી પણ કોઇની ખરાબ વાત સાંભળવી નહિં, કદાચ સંભળાઈ જાય તો પેટમાં જ રાખવી.

૨૨ કોઈની પણ નિંદા કરવી નહિં, તેમજ સાંભળવી પણ નહિ.

૨૩ સ્વભાવ શાંત રાખવો.

૨૪ "**સંસાર દુઃખની ખાણ છે, અને સંયમ સુખની ખાણ છે**" આ વાત બરાબર યાદ રાખવી.

૨૫ કોઈ પણ વાતનો કદાગ્રહ ન રાખવો.

૨૬ હંમેશાં સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરવો.

૨૭ કોઈ પણ વાતમાં 'જ'કારનો પ્રયોગ ન કરવો.

૨૮ ગુરૂ મહારાજ વાતમાં હોય કે કામમાં હોય ત્યારે કંઈ પૂછવું નહિં.

૨૯ ગુરૂ મહારાજની અનુકૂળતાઓ સાચવવી એજ સંયમ શુદ્ધિ માટે જરૂરી ગુરૂ વિનયની પ્રાથમિક ભૂમિકા છે.

૩૦ આપણા હિતની વાત કડવી હોય તો પણ હસતે મુખે સાંભળવી.

૩૧ ઓછી ચીજોથી ચલાવતાં શીખવું જોઇએ. તો ઘટાડવી એ સાધુતાની સફલતા છે.

સાધનામાં પ્રગતિ કરી ? તપમાં શક્તિ ગોપવું છું કે કેમ ?" આદિ.

૬૮ ગુરૂમહારાજની ઇચ્છાને અનુકુલ રહેવું તે સંયમીનું પ્રધાન કર્તવ્ય છે.

૬૯ ગુરૂમહારાજની કોઇપણ આજ્ઞાને આત્મહિતકર માની હૃદયના ઉલ્લાસથી અમલી બનાવવા પ્રયત્ન કરવો.

૭૦ પોતાની મરજી મુજબ ચાલનાર સાધુ કદીપણ સંયમની મર્યાદાઓ જાળવી શકતો નથી.


૭૧ 'મને આમ લાગે છે માટે હું તો આમ જ કરીશ' એવો કદાગ્રહ ન રાખતાં પૂ. ગુરૂદેવને જે યોગ્ય લાગે તે રીતે જ કામ કરવાનો આગ્રહ રાખવો.

૭૨ સ્ત્રી સાથે વાતચીત, બહુ કે વારંવાર વિગઇનો વપરાશ, શરીરની શોભા-ટાપટીપ આ ત્રણે સાધુ માટે તાલપુટ ઝેરસમાન ભયંકર છે.

૭૩ જે સંસારનો દુઃખથી અને પાપથી ભરેલો જાણી ત્યાગ કર્યો, હવે તે સંસારની ફુલામણીમાં ફરીથી ન ફુલાઈ જવાય તે માટે સાવધ રહેવું ઘટે.

૭૪ સાધુને જે સુખ સંયમના અનુભવથી મળે છે તે દેવેન્દ્ર કે ચક્રવર્તીને પણ નથી મળતું.

૭૫ સંયમમાં દુઃખ ઓછું સુખ વધારે-સંસારમાં સુખ ઓછું દુઃખ વધારે-આ એક નક્કર હકીકત છે! ભલે ! બાહ્યદૃષ્ટિથી આપણને વિપરીત લાગતું હોય કે-"સંયમમાં દુઃખ વધારે છે અને સંસારમાં સુખ વધારે છે." ખરેખર આ ભ્રમાત્મક અનુભવ છે.



સંયમોપયોગી સોનેરી સુચનો

૧ સંથારામાં અધિકોપગરણ વાપરવું નહિ.

૨ નિદ્રા-પ્રમાદ પ્રહરથી વધુ સેવવો નહિ.

૩ પ્રમાર્જનાનો સતત ઉપયોગ રાખવો.

૪ પરિષ્ઠાપના ભૂમિએ માત્રું વિધિપૂર્વક પરઠવું.

૫ ઇરિયાવહી-કુસુમિણં કાઉ. વ્યવસ્થિત કરવો.

૬ પ્રતિક્રમણ સૂત્રો પદ્ધતિસર બોલવા.

૭ પ્રતિક્રમણમાં સ્થાને સ્થાને આસન, વસ્ત્ર આદિની મર્યાદા સાચવવી.

૮ પ્રતિક્રમણમાં બોલવું નહિ.

૯ પ્રતિક્રમણ ઉચિત સમયે કરવું.

૧૦ પ્રતિક્રમણ મંદ સ્વરે કરવું.

૧૧ પડિલેહણ વ્યવસ્થિત કરવું.

૧૨ પડિલેહણમાં બોલવું નહિ.

૧૩ મુહપત્તિનો સતત ઉપયોગ રાખવો.

૧૪ શરીરનો સંયમ જાળવવો.

૨૦ પાણીના ઘડા પાત્રાં-તરપણી વગેરે ઉઘાડા ન રાખવા.

૨૧ વાપરતાં એંઠા મોઢે ન બોલવું.

૨૨ વાપરતાં પગ ઉભો રાખવો નહિ.

૨૩ વાપરતાં ડાબો હાથ બગાડવો નહિ.

૨૪ હાણુ વેરવા, છાંટા પાડવા આદિ અજયણા ન કરવી.

૨૫ ચબ ચબ આદિ અવાજ ન થવા દેવો.

૨૬ કોઈ બીજ વડીલને છંદના કર્યા વિના વાપરવી નહિ.

૨૭ કોઈ બીજ નાનાને નિમંત્રણ કર્યા વિના વાપરવી નહિ.

૨૮ દહેરાસરમાં દશત્રિકનું યથા સંભવ પાલન કરવું.

૨૯ દહેરાસરમાં ઉપયોગ પૂર્વક મુદ્રાઓ સાચવવી.

૩૦ દહેરાસરમાં ચૈત્યવંદનના સૂત્રો સ્તવન સ્તુતિ વિગેરે [illegible] બોલવા.

૩૧ દહેરાસરમાં [illegible] આંતર્નિરીક્ષણ કરવું.

૩૨ દહેરાસરમાં [illegible] આત્મ ચિંતન કરવું.

૩૩ [illegible] સ્વીકાર કરવો.

૩૪ [illegible] કરવી.

૩૫ [illegible]

૩૬ [illegible] આદિ [illegible] નહિ.

[illegible]

૩૮ ઓઘો મુહપત્તી ચોલપટ્ટો ઉત્સંઘટ્ટયા.

૩૯ લૂણાં-ગરણાં-કાછ-કાછલી-પાટલુંછણું કે દંડાસણ વગેરે ઠેબે ન ચઢાવવાં.

૪૦ બપોરે નિદ્રા ન લેવી

૪૧ માંડલીનું કાર્ય પોતાને ફાળે આવેલું બરાબર સમયસર કરવું.

૪૨ વડીલનું વચન ન ઉત્થાપવું.

૪૩ વડીલના પ્રત્યે બેદરકાર ન થવું.

૪૪ ધાતુના વાસણોનો ઉપયોગ ન કરવો.

૪૫ કાળના સમયે આગાઢ કારણ સિવાય બહાર ન નીકળવું.

૪૬ કાળના સમયે બહાર લઈ ગયેલ વસ્ત્ર પાત્રની જયણા સાચવવી.

૪૭ કાળના સમયે ઓઢેલ કાંબળીને જયણા પૂર્વક રાખવી

૪૮ રોજ ત્રણથી વધારે વિગઈ ન વાપરવી.

૪૯ દુધ, ઘી, ગળપણમાંથી એકનો ત્યાગ કરવો.

૫૦ લૂણાં સ્થંડિલભૂમિની તરપણીની વ્યવસ્થા જાળવવી.

૫૧ મુહપત્તીની અવહેલના ચુંથણી ન કરવી.

૫૨ ઓઘાનું બહુમાન જાળવવું

૫૩ જ્ઞાન ધ્યાનની પ્રવૃત્તિમાં પ્રેરણા મેળવવા પૂ. ગુરૂદેવ પાસે જવું.

૫૪ સંયમની મર્યાદાઓની ઉચિત પરિપાલના કરવા માટે જયણા રાખવી.

૨૦ પાણીના ઘડા પાત્રાં-તરપણી વગેરે ઉઘાડા ન રાખવા.

૨૧ વાપરતાં એંઠા મોઢે ન બોલવું.

૨૨ વાપરતાં પગ ઉભો રાખવો નહિ.

૨૩ વાપરતાં ડાબો હાથ બગાડવો નહિ.

૨૪ દાણા વેરવા, છાંટા પાડવા આદિ અજયણા ન કરવી.

૨૫ ચબ ચબ આદિ અવાજ ન થવા દેવો.

૨૬ કોઇ ચીજ વડીલને છંદના કર્યા વિના વાપરવી નહિ.

૨૭ કોઈ ચીજ નાનાને નિમંત્રણ કર્યા વિના વાપરવી નહિ.

૨૮ દહેરાસરમાં દશત્રિકનું યથા સંભવ પાલન કરવું.

૨૯ દહેરાસરમાં ઉપયોગ પૂર્વક મુદ્રાઓ સાચવવી.

૩૦ દહેરાસરમાં ચૈત્યવંદનના સૂત્રો સ્તવન સ્તુતિ વિગેરે પદ્ધતિસર બોલવા.

૩૧ દહેરાસરમાં થોડીકવાર અંતર્નિરીક્ષણ કરવું.

૩૨ દહેરાસરમાં થોડીકવાર આત્મ ચિંતન કરવું.

૩૩ ગુણનો સ્વીકાર કરવો.

૩૪ પાપની ક્ષમાપના કરવી.

૩૫ [illegible] દોષ સંબંધી જયણા રાખવી

૩૬ આધાકર્મી-ઔદ્દેશિક નિત્યપિંડ સંસ્તારપિંડ આદિ [illegible] દોષ લગાડવા નહિ.

૩૭ [illegible] આપવા નહિ રાખવા.

૩૮ ઓઘો મુહપત્તી ચોલપટ્ટો ઉત્સંઘટ્ટા.

૩૯ લૂણાં–ગરણાં–કાછા–કાછલી–પાટલુંછણું કે દંડાસણ વગેરે ઠેબે ન ચઢાવવાં.

૪૦ બપોરે નિદ્રા ન લેવી

૪૧ માંડલીનું કાર્ય પોતાને ફાળે આવેલું બરાબર સમયસર કરવું.

૪૨ વડીલનું વચન ન ઉત્થાપવું.

૪૩ વડીલના પ્રત્યે બેદરકાર ન થવું.

૪૪ ધાતુના વાસણોનો ઉપયોગ ન કરવો.

૪૫ કાળના સમયે આગાઢ કારણ સિવાય બહાર ન નીકળવું.

૪૬ કાળના સમયે બહાર લઈ ગયેલ વસ્ત્ર પાત્રની જયણા સાચવવી.

૪૭ કાળના સમયે ઓઢેલ કાંબળીને જયણા પૂર્વક રાખવી

૪૮ રોજ ત્રણથી વધારે વિગઈ ન વાપરવી.

૪૯ દુધ, ઘી, ગળપણમાંથી એકનો ત્યાગ કરવો.

૫૦ લૂણાં સ્થંડિલભૂમિની તરપણીની વ્યવસ્થા જાળવવી

૫૧ મુહપત્તીની અવહેલના ચુંથણી ન કરવી.

૫૨ ઓઘાનું બહુમાન જાળવવું

૫૩ જ્ઞાન ધ્યાનની પ્રવૃત્તિમાં પ્રેરણા મેળવવા પૂ. ગુરૂદેવ પાસે જવું.

૫૪ સંયમ[illegible] મર્યાદાઓની ઉચિત પરિપાલના કરવા માટે જયણા રાખ[illegible]

સાધુની અવશ્ય કરણી

(જુના ગ્રંથના આધારે)

(પંદર બોલ)

૧ પડિક્કમણું ન કરે તો ઉઠામણું.

૨ બેઠાં પડિક્કમણું કરે તો ઉપવાસ.

૩ કાળવેળાએ પડિક્કમણું ન કરે તો ચોથભક્ત.

૪ સંથારા ઉપર પડિમક્કણું કરે તો ઉપવાસ.

૫ માંડલે પડિક્કમણું ન કરે તો ઉઠામણું.

૬ કુશીલીયાને પડિક્કમે તો ઉપવાસ.

૭ સંઘને ખમાવ્યા વિના પડિક્કમે તો ઉઠામણું.

૮ પોરસી ભણાવ્યા વિના સૂએ તો ઉપવાસ.

૯ દિવસે સૂએ તો ઉપવાસ.

૧૦ વસ્તિ અણપવેએ આદેશ માંગ્યા વિના સ્વાધ્યાય કરે તો ચોથભક્ત.

૧૧ અવિધિએ પડિલેહણ કરે તો ઉપવાસ.

૧૨ નિત્ય પડિલેહણ ન કરે તો ઉપવાસ.

૧૩ અણપડિલેહ્યા વસ્ત્ર વાપરે તો ઉપવાસ.

૧૪ કાજા અણઉદ્ધર્યા પડિક્કમણું કરે તો ઉઠામણું.

૧૫ ઇરિયાવહી આવ્યે છતે પડિક્કમ્યા વિના બેસે તો ચોથભક્ત.

ઉપરના ૧૫ બોલ શ્રી મહાનિશીસૂત્રમાં કહ્યા છે.

તા. ક. ઉઠમાણું શબ્દની પ્રાયશ્ચિતના ગ્રંથોમાં પરિભાષા પ્રાયઃ નથી, સમજવા ખાતર મળેલુ વૃદ્ધ પુરુષોએ નિર્દેશાય માંડલી બહાર કરવાની મર્યાદાને જણાવનાર "ઉત્થાપન શબ્દનું રૂપાંતર રુપ આ શબ્દ દેખાય છે. વિશેષ જ્ઞાની ગુરૂભગવંતો જે કહે તે ખરું।

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

જન્મ-મરણ સંબંધી

સૂતક વિચાર

卐卐卐卐卐卐卐———卐卐卐卐卐卐卐

* પુત્ર જન્મે ત્યારે દિન ૧૦ નું તથા પુત્રી જન્મે ત્યારે દિન ૧૧ અને રાત્રે જન્મે તો દિન ૧૨ નું સૂતક.

* ન્યારા (જુદા) જમતા હોય, તો બીજાના ઘરના પાણીથી જિન પૂજા કરે, અને સુવાવડ કરનારી તથા કરાવનારીને તો નવકાર ગણવો પણ સુઝે નહિ.

* પ્રસવ વાળી સ્ત્રી માસ ૧ સુધી જીન પ્રતિમાની પૂજા કરે નહિ. અને સાધુને પણ વહોરાવે નહિ.

* ઘરના ગોત્રીને દિન ૫ નું સૂતક જાણવું.

* ગાય, ઘોડી, ઉંટડી, ભેંસ ઘરમાં પ્રસવે, તો દિન ૨ નું અને વનમાં જન્મે તો દિન ૧ નું સૂતક.

* ભેંસ પ્રસવે તો દિન ૧૫, બકરી પ્રસવે તો દિન ૮ ગાય પ્રસવે કે ઉંટડી પ્રસવે તો દિન ૧૦ પછી તેનું દૂધ કલ્પે.

* દાસ દાસી જે આપણી નિશ્રાએ ઘરમાં રહ્યા હોય તેનો જન્મ કે મૃત્યુ થાય તો ત્રણ દિવસ સૂતક.

* જેને ઘેર જન્મ તથા મરણ થાય, તેને ઘેર જમનારા દિન ૧૨ સુધી જિન પૂજા ન કરે. સાધુ આહાર લે નહિ. તથા તેના ઘરના જળથી જિનપૂજા થાય નહિ.

* મૃત્યુવાળા પાસે જેઓ સૂએ તેઓ દિન ૩ પૂજા ન કરે.

● તે-તે બોલાતા સૂત્રો યથાશક્ય ઉપયોગની જાગૃતિ સાથે શુદ્ધ ઉચ્ચાર સંહિતાની જાળવણી મુદ્રાની મર્યાદા આદિ સાથે બોલવાં.

● પ્રતિ૦માં સંપૂર્ણ મૌન જાળવવું, તેમાં પણ છ આવશ્યકમાં તો ખાસ.

● પ્રતિ૦માં સ્થાપનાચાર્યની વિનય મર્યાદા બરાબર જાળવવી.

● પ્રતિ૦માં સ્થાપનાચાર્ય હાલી ન જાય.
કોઈની આડ ન પડે તેનો પૂર્ણ ઉપયોગ રાખવો.
છ આવશ્યકમાં વિશેષ કરીને ધ્યાન રાખવું.
સહસા કદાચ થઈ જાય તો ઈરિયા૦ પડિક્કમવા.

● રાઈ પ્રતિ૦માં મંદ સ્વરે અત્યંત ધીમા શાંત સ્વરે સૂત્રો બોલવાં.

● સકલતીર્થ કે તપચિંતવણી કાઉ૦ વખતે મ્હોં ઝાંખણીયું અજવાળું થાય તેનું ધ્યાન રાખવું.

પડિલેહણ:-

● પડિલેહણ કરતાં પહેલાં આપણી તમામ ઉપાધિ એકત્રિત કરી લેવી.

● ચાલુ પડિલેહણમાં જરાક પણ આઘા-પાછા થવું નહિં-થવું પડે તો પૂંજવાનો ખૂબ જ ઉપયોગ રાખવો.

ત્રણ ડગલાથી વધુ જવાના અવસરે દંડાસણથી પૂંજવાની જયણા કરવી.

• પડિલેહણ કરતી વખતે દરેક ચીજને લેતાં-મૂકતાં દૃષ્ટિ પડિલેહણ અને ઓઘા-દંડાસણ કે મુહપત્તીથી પ્રમાર્જનાનો ઉપયોગ રાખવો.

• અજવાળાની ચીજ સ્થાપના પવિત્ર સંયમ કે જ્ઞાનના ઉપકરણો તથા દોરા-દોરી-દાંડી ઓઘાનો પાટો પોથીની પટ્ટી વગેરેને મુહપત્તીથી પ્રમાર્જવા.

આસન કે સંથારિયું પાથરવાની ભૂમિ, વીંટિયો, બાજઠ ચોકી કે પોથી, પાટ-પાટલા, દાંડો, દંડાસણ આદિની પ્રમાર્જના ઓઘાથી કરવી.

સ્વાધ્યાય ભૂમિ, પ્રતિક્રમણ ભૂમિ, પડિલેહણ ભૂમિ સંસ્તારક ભૂમિ આદિની પ્રમાર્જના દંડાસણથી કરવી.

આમાં વ્યત્યાસ-વિપર્યાસ ન થાય તેનું પૂર્ણ ધ્યાન રાખવું.

• પડિલેહણ કરેલ વસ્ત્રાદિ પડિલેહણા નહિ કરેલ વસ્ત્રાદિ સાથે મિશ્ર ન થાય તેનું પુરતું ધ્યાન રાખવું.

• સૌથી પહેલાં ભૂમિ પ્રમાર્જી આસન પડિલેહી પાથરી તેના ઉપર પડિલેહેલ વસ્ત્રાદિ મૂકવાં.

• વસ્ત્રોની પડિલેહણામાં વસ્ત્ર નીચે જમીનને ન અડે આપણા શરીરને ન અડે તે રીતે ઉભડક પગે બેસી આદર પડિલેહવું.

પડિલેહણ કરાતા વસ્ત્રાદિના ત્રણ ભાગ કરી ચક્ષુથી પડિલેહી (એક બાજુ) ફરી બીજી બાજુ પણ તે જ રીતે

પછી " અર્થ તત્વ કરી સદ્દહું " બીજી બાજુ દૃષ્ટિ પડિ૦ કરીને બોલવું તેમજ પ્રથમ પ્રસ્ફોટક કરવો. પછી બીજો પ્રસ્ફોટક જમણા હાથ ઉપર કરતાં " સમ્યક્ત્વ મોહનીય. " બોલવું.

ડાબા હાથ ઉપર પ્રસ્ફોટક કરતાં " કામરાગ૦ " બોલવું.

પછી વસ્ત્ર અર્ધા ભાગે વાળી ભેગું કરી ડાબા હાથ ઉપર પ્રમાર્જતાં " સુદેવ૦ " આદિ મનદંડ૦ સુધી બોલ બોલવા.

● પડિલેહણ ક્રમ–

1 કાંબલ
2 ,, નો કપડો
3 ઓઢવાનો ,,
4 સંથારીયું.
5 ઉત્તરપટ્ટો

પછી
યથાયોગ્ય બાકીની
ઉપધિ
(સંયમ સાધક હોય તે)
પછી સંયમને ઉપકાર
કરનાર અન્ય ઉપકરણોની
પ્રતિલેખના–છેલ્લે દાંડાનું
પડિ૦ કરી કાજો લેવો.

● દરેક આદેશ ઇચ્છાકારેણ૦ થી ઉચ્ચારતે આજ્ઞા [illegible] આદરપૂર્વક માંગવો.

● આદેશ મળ્યા પછી–ઇચ્છં કહેવું.

● [illegible] કરતાં [illegible] વગેરે બોલવા [illegible]

● [illegible] આદિ [illegible] બોલવાં.

• પડિલેહણ શરૂ કર્યા પછી કાજો લઈને સુપડીમાં લઈ વોસિરાવી પરિઠાવણ ન કરાય ત્યાં સુધી—
—આસન પર ન બેસાય, કપડું કોરાણે નહિ, તેમજ વગેરે બીજી કોઈ ક્રિયા–(કામ–કાજ) ન થાય.

• ઉઘાડે મોઢે બોલાય નહિ.

• કોઈ સાથે બે વાક્યો કાજે ન લેવો.

• સાંજના પડિલેહણમાં કાજો થોડીવારમાં પાણી ચ... વગેરે પ... સુધી પ્રમાણ પાણી પછી પાણી વપરાય ન વપરાય.

• સવારના પડિલેહણમાં ઓઘો તો પ્રથમ પડિલેહવા (કાળ પહેલાં) સાંજે બધી પડિલેહણા પૂર્ણ થયા પછી ઓઘો પડિલેહવો.

–: ઓઘાના પડિલેહણનો ક્રમ :–

સવારે	સાંજે
૧ નિષધા (સૂતરાઉ)	૧ ઓઘારીયું (ઉની)
૨ ઓઘારીયું (ઉની)	૨ નિષધા (સૂતરાઉ)
૩ દાંડી	૩ દાંડી
૪ વચલી દોરી	૪ વચલી દોરી
૫ પાટાની પ્રમાર્જના	૫ પાટાની પ્રમાર્જના
૬ નીચલી દોરી	૬ નીચલી દોરી
૭ દશીઓનું પડિલેહણ	૭ દશીઓનું પડિલેહણ

• કાજો લેતી વખતે દાંડાની પડિલેહણા, માત્રક પડિલેહણા, સંસ્તારક ભૂમિ, પાટ પાટલી વગેરેની પડિલેહણા કરવી

● કાજો લીધા પછી સૂપડીમાં ભેગો કરી તપાસી પરઠવી જ્યાં ભેગો (કાજો) કર્યો હોય તે સ્થાને ઊભા રહી ઇરિયા૦ પડિક્કમ્યા પછી સૂપડી-દંડાસણ યથાસ્થાને મૂકવાં.

● સાંજના પડિ૦માં કાજો વોસિરાવી ઇરિયા૦ પડિક્કમી પાણી ગાળવા માટે ઘડો-ગરણું કાછલી આદિ [illegible] કરી ઇરિયા૦ પડિક્કમી પડિલેહી પાણી ગાળવું.

● ૧૪ ઘડી દિન ચઢે "બહુપડિપુણ્ણા પોરસી" [illegible] વખતે [illegible] પાત્રાં, દોરા, તરપણી, [illegible] [illegible] કરી પછી ઇરિયા૦ પડિક્કમવા.

[illegible]

સાધુ જીવનની સારમયતા

મુમુક્ષુ આત્માને વ્યક્તિગત કલ્યાણની સાધના પ્રધાન હોય છે, તેની સાચવણી–ખીલવણીને સાપેક્ષ રહીને સર્વ કાર્યો કરવાનાં હોય છે, માટે મુમુક્ષુ આત્મા અનંત-પુણ્યરાશિના અતિપ્રકર્ષના પરિણામે મેળવેલ પ્રભુશાસનના લોકોત્તર સંયમની આરાધનાના અનુકૂળ સાધનોની સફલતા યથાયોગ્ય શી રીતે મેળવી શકાય તે અંગે **શ્રીઆચારાંગ** આદિ શાસ્ત્રોમાં નાના પ્રકારનું વર્ણન છે, જેમાંનું કંઇક આ ગ્રંથમાં વર્ણવવા અલ્પ પ્રયાસ કર્યો છે. પણ આ બધું માર્ગદર્શન મુમુક્ષુ આત્માને સહજ રીતે મળી રહે તેવું કંઈક અહીં બતાવાય છે.

૧. પ્રથમ તો સાધુ-સાધ્વીઓએ દીક્ષાનો પરમાર્થ સમજી, [illegible] જીવનમાંથી આંતરિક જીવન જીવવા માટેની પૂર્ણ [illegible] જીવન જીવવા માટેની પોતાની જવાબદારી [illegible] ઉપકારી જ્ઞાની ભગવંતોના વચનોને [illegible] પડે, તે વચનોના પણ પોતાની બુદ્ધિની [illegible] સંપૂર્ણ પરમાર્થ ન સમજાય તેવા પ્રસંગે [illegible] પોતાના ગુરુભગવંતો પ્રતિ પૂર્ણ [illegible] પોતાના આત્મિક વિકાસ માટે [illegible]

૨. દીક્ષા લીધા પછી રોજની ઉપયોગી ક્રિયાઓની શુદ્ધિ અને જયણાપૂર્વક પાલન થાય, તે માટે વિધિનું સંપૂર્ણ જ્ઞાન મેળવી યથાશક્ય પ્રયત્ન કરી વિધિપૂર્વક પાલન માટે નિરંતર ધ્યાન રાખવું.

૩. આવશ્યક સૂત્રોના અર્થો, સામાચારીની નિર્મલતા આવશ્યક ક્રિયાની સમયાદિવ્યવસ્થાપૂર્વક નિયત વ્યવસ્થ અને આચારપ્રધાન સાધુજીવન જીવવા આદિની તત્પરતા માટે શક્તિસંપન્ન આત્માએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

૪. દીક્ષા લીધા પછી પહેલી તકે નીચે જણાવ્ય મુજબ પ્રાથમિક અભ્યાસ કરવો જરૂરી છે, કે જેનાથ આત્મા સંયમ-વિવેકની મહત્તા સમજી વ્યક્તિગત આત્મિક કલ્યાણની સાધનાને સાધવા ઉદ્યત થઈ શકે.

૧. આવશ્યકક્રિયાના સૂત્રો (અર્થ સાથે)

શક્ય હોય તો સંહિતા, પદસંધિ, સંપદા અને ઉચ્ચારશુદ્ધિની યોગ્ય કેળવણી મેળવવી જરૂરી છે.

૨. શ્રીદશવૈકાલિક સૂત્ર (અર્થ સાથે

સંસ્કૃત ન જાણનારે પણ ગુરુમુખે આખા ગ્રંથને અર્થ ધારી, તેમાંથી ધ્યાન રાખવા લાયક નોંધ કરી, રોજ તે સંબંધી યોગ્ય ઉપયોગની જાગૃતિ રાખવા પ્રયત્ન સેવવો

આખા દશવૈકાલિક સૂત્રનો યોગ ન બને તેમ હોય તો પણ પહેલા પાંચ અધ્યયનો, આઠમું, દશમું અને છેલ્લી બે ચૂલિકાઓ ... ગુરુગમથી અર્થ સહિત

ધારવી, તેમજ દશવૈકાલિક સૂત્રના દશ અધ્યયનોની સજ્ઝાયો ગુરૂગમથી ધારવી અને બને તો ગોખવી.

૩. **શ્રીઓઘનિર્યુક્તિ** ગ્રંથની વાચના ગુરુમુખે લેવી અને તેમાંથી વિહાર, ગોચરી, પડિલેહણ, સ્વાધ્યાય, સ્થંડિલભૂમિ, રોગચિકિત્સા, પાત્રલેપ આદિ સંબંધી યોગ્ય જયણા આદિની નોંધ કરવી.

૪. વૈરાગ્યવાહી ગ્રંથોનું વાંચન-મનનાદિ.

જેમકે **શ્રીઅધ્યાત્મકલ્પદ્રુમનો** બીજો, પાંચમો, **આઠમો, નવમો,** અગિયારમો, **તેરમો,** અને **પંદરમો** અધિકાર, **શ્રીપ્રશમરતિ, શ્રીજ્ઞાનસાર, શ્રીઅધ્યાત્મસાર, શ્રીઉપદેશમાલા, શ્રીશાંતસુધારસગ્રંથ,** શ્રીરત્નાકરપચ્ચીશી, શ્રીહૃદયપ્રદીપ છત્રીશી, શ્રીકુમારપાલ ભૂપાલ રચિત સાધારણજિન સ્તવન વગેરે ગ્રંથો.

૫. દ્રવ્યાનુયોગનો પ્રાથમિક અભ્યાસ—

ચારે અનુયોગમાં પ્રધાન ચરણકરણાનુયોગની મહત્તા-સફલતા દ્રવ્યાનુયોગની સાપેક્ષ વિચારણા પર અવલંબે છે, માટે પ્રાથમિક કક્ષામાં વર્ત્તતા બાલજીવોને માટે ચરણકરણાનુયોગ અમુક ક્રિયાઓના શુભ આસેવનના બલે આત્મિક સંસ્કારોના ઘડતરની ભૂમિકા તૈયાર કરે છે, પણ સાધુજીવનમાં તો તે તૈયાર થયેલ પ્રાથમિક ભૂમિકા ઉપર યોગ્ય સંસ્કારોનું મજબૂત મંડાણ કરવાનું હોય છે, તેથી દ્રવ્યાનુયોગની સાપેક્ષપ્રધાનતા (પોતાના માટે) જરૂરી છે. માટે **ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ચાર કર્મગ્રંથ**